सत्यमेव जयते

# ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ
## પાંચમો વાર્ષિક અહેવાલ
## વર્ષ : ૨૦૧૦ - ૧૧



"સાચું સ્વરાજ,
જૂજ લોકો દ્વારા
સત્તાની પ્રાપ્તિ
થવાથી આવશે
નહિ,
પરંતુ સત્તાધિશ
જ્યારે સત્તાનો
દુરૂપયોગ કરે
ત્યારે તેની
પ્રતિકાર કરવાની
ક્ષમતા બધા
લોકોને પ્રાપ્ત થશે
ત્યારે આવશે"

- મહાત્મા ગાંધી

ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ

ગાંધીનગર - ૩૮૨ ૦૧૭. ગુજરાત

सत्यमेव जयते

# ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ

## પાંચમો વાર્ષિક અહેવાલ

## વર્ષ : ૨૦૧૦ - ૧૧



**" સાચું સ્વરાજ, જૂજ લોકો દ્વારા સત્તાની પ્રાપ્તિ થવાથી આવશે નહિ, પરંતુ સત્તાધિશ જ્યારે સત્તાનો દુરૂપયોગ કરે ત્યારે તેની પ્રતિકાર કરવાની ક્ષમતા બધા લોકોને પ્રાપ્ત થશે ત્યારે આવશે"**

- મહાત્મા ગાંધી

ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ

ટાઉનહોલ પાસે, સેકટર-૧૭

ગાંધીનગર (ગુજરાત) ૩૮૨.૦૧૭

ફેકસ ૦૭૯ ૨૩૨ ૫૭૫૯૬ : ફોન-૦૭૯ ૨૩૨ ૫૭૫૪૭ - ૫૭૫૯૩

# ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ

સત્યમેવ જયતે

**અધ્યક્ષ**

**ડૉ. જસ્ટીસ જે. એન. ભટ્ટ**

## ઉપોદ્‌ઘાત

ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગની, **"માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩"** ના પ્રકરણ –પ ની જોગવાઈના રૂપમાં **૧૨ મી જુલાઈ, ૨૦૦૬** ના રોજ રચના કરવામાં આવી હતી. આયોગે આ અગાઉ ચાર વાર્ષિક અહેવાલો રજૂ કર્યા હતા. આ પાંચમાં વાર્ષિક અહેવાલમાં એપ્રિલ,૧, ૨૦૧૦ થી માર્ચ ૩૧, ૨૦૧૧ ના સમયગાળાને આવરી લેવામાં આવેલ છે.

૨. અહેવાલના સમયગાળા દરમિયાન, મારા પુરોગામી ચેરમેન તરીકે હતા અને વર્તમાન ચેરમેને ઓગષ્ટ, ૮, ૨૦૧૧ ના રોજથી કાર્યભાર સંભાળેલ છે. **શ્રી સુધીર સિંહા,** નિવૃત આઈ.પી.એસ.એ સદસ્યશ્રી તરીકે નવેમ્બર, ૨૨, ૨૦૧૧ ના રોજથી હવાલો સંભાળેલ છે.

૩. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો અહેવાલ રજૂ કરવા પાછળ ચોક્કસ હેતુ અને નીતિ રહેલી છે. માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ ની કલમ ૨૮(૧) હેઠળ ચોથો વાર્ષિક અહેવાલ અને કલમ ૨૮(૨) હેઠળ રાજ્ય આયોગની ભલામણો ઉપર લીધેલા પગલા અથવા લેવા ધારેલા પગલાઓના વિવરણ સાથે વિધાનસભા સમક્ષ મૂકવા માટે તા. ૨૯–૦૧–૨૦૧૧ ના રોજ રજૂ કરવામાં આવ્યો હતો.

૪. માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩, ને વર્ષ ૨૦૦૬ માં સુધાર્યા પ્રમાણે તેના મુખ્ય ઉદ્દેશ અને અપેક્ષા નિશ્ચિતપણે માનવ અધિકારોને ઉત્તેજન, ફેલાવો અને રક્ષણ આપવાનો છે. નિઃસંદેહ કે બધા માનવ અધિકારો સાર્વભૌમ અવિભાજ્ય, સુસંગત, અનુઉલ્લંઘનીય અને પરસ્પર આધારિત અને સંકળાયેલા છે. તેથી આંતરરાષ્ટ્રીય સમુદાયે માનવ અધિકારને વૈશ્વિક અગ્રતા અને ખરા અર્થમાં ન્યાયી અને સમાનતાના આધાર ઉપર અને તેવા જ પ્રાધાન્ય સાથે સ્વીકાર્યો છે.

૫. દરેક માનવ આત્મ ગૌરવ અને અધિકારોની દ્રષ્ટિએ સ્વતંત્ર અને સમાન જન્મે છે. તેઓ મૂળભૂત રીતે વિચારશકિત અને વિવેકબુદ્ધિયુક્ત હોય છે અને તેઓએ માનવના મૂળભૂત અને પાયાના અધિકારોના રક્ષણ અને જતન માટે પરસ્પર સૌજન્ય, મૈત્રી અને ગૌરવપૂર્વક ભાઈચારાની ભાવનાથી વર્તવું જોઈએ. **કાયદાની શાસન** વ્યવસ્થા માનવ અધિકાર અને સમાન ન્યાય ઉપર રચાયેલી છે અને બીજા કાયદાકીય અને બંધારણીય અધિકારો કાયદાના શાસનમાં બક્ષવામાં આવેલા છે. આ ખ્યાલ અને જીવનદષ્ટિના મૂળ નિર્વિવાદપણે અનેક સદીઓથી આપણી સંસ્કૃતિ અને વારસામાં રહેલા છે. એ સાચું છે કે બધી માનવજાતને ધરતીનો જન્મસિદ્ધ અધિકાર છે, પણ વાસ્તવમાં કેટલાને માલિકીનો અધિકાર છે?

૬. એટલે સાચે જ કહેવાયું છે કે ગરીબોને શું જોઈએ છે? મોટાભાગના લોકોને દયાની નહીં પણ પ્રેમની જરૂર છે અને તે પછી તેમના માનવ ગૌરવનો આદર કે જે બીજા માનવ કરતા જરાયે ઉતરતું કે જુદું નથી તે અનુભવી અને ભોગવી શકે તેની જરૂર છે. આપણો દેશ માનવ અસ્મિતા, શાંતિ અને સુખાકારી માટે સિદ્ધાંત આપવામાં અને ચિંતા સેવવામાં અગ્રેસર છે. રાજ્ય આયોગ, પણ માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમના અંતિમ લક્ષને પ્રાપ્ત કરવા માટે સતત પ્રયત્નશીલ છે. આ દેશના ઈતિહાસમાંથી સારી રીતે જાણી શકાય છે કે દુનિયાને નીચેનો સિદ્ધાંત આપવાની પહેલ આપણે કરી છે.

**સર્વેત્ર સુખિનઃ સન્તુ,**

**સર્વે સન્તુ નિરામયાઃ**

**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ**

**મા કશ્ચિત્ દુઃખમાપ્નુયાત્**

**(અહીં સર્વે સુખી થાઓ, સર્વે દુઃખવ્યાધિથી મુક્ત રહો, સર્વે કલ્યાણકારી જોતા થાઓ, કોઈને પણ દુઃખ થાઓ નહીં.)**

૭. વર્ષ ૨૦૦૯–૧૦ માં રાજ્ય આયોગને ૨૯૯૨ ફરિયાદો મળી હતી જ્યારે વર્ષ દરમિયાન ૨૫૫૭ ફરિયાદોનો નિકાલ કરેલ હતો. રાજ્ય આયોગે, આમ, પડતર કેસોને હાથ ધરવામાં અસરકારક પગલાં લીધા છે. સમીક્ષા નીચેના વર્ષમાં (૨૦૧૦–૧૧) રાજ્ય આયોગને ૩૦૭૭ ફરિયાદો મળી હતી, જ્યારે ૮૯૦ ફરિયાદો રાજ્ય આયોગમાં સંબંધિત સત્તાધિકારીઓ પાસેથી અહેવાલ મળવાની રાહના કારણે અથવા મળેલા અહેવાલો ઉપર આગળની વિચારણા માટે રાજ્ય આયોગની કચેરીમાં પડતર રહેલ છે. સમગ્ર રીતે, રાજ્ય આયોગે સમીક્ષાના વર્ષમાં ૨૧૮૭ ફરિયાદોનો નિકાલ કરેલ છે.

૮. અહીં એ નોંધવાનું જરૂરી લાગે છે કે માનવ અધિકાર સામેના સૌથી પ્રભાવશાળી પડકારો, પ્રથમ તો વૈશ્વિક ગરીબી, નિરક્ષરતા અને તે પછી આંતરિક વિખવાદો ઉપરાંત પ્રતિસ્પર્ધી હિત ધરાવતા તત્વો તરફથી ઊભા થતા હોય છે. આ સંદર્ભમાં, ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ, માનવ અધિકાર સંરક્ષણ સંબંધિત વિવિધ પાસાઓ અને સમસ્યાઓ ઉપરાંત ફરિયાદો અને વિશેષ કરીને સમાજના નબળા વર્ગો જેવા કે માનસિક અને શારીરિક સમસ્યાનો સામનો કરતા લોકો, મહિલાઓ, બાળકો, વરિષ્ઠ નાગરિકો ઉપરાંત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સમાજના પછાત વર્ગો અને પોલીસ હવાલાતી ન્યાય બાબતની ફરિયાદો સંતોષકારક હાથ ધરે છે.

૯. આમ, વર્ષ ૨૦૧૦–૧૧ નો પાંચમો વાર્ષિક અહેવાલ માનવ સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ ની કલમ ૨૮(૨) નીચે રાજ્ય સરકારને રજૂ કરવામાં આવે છે.

(ડૉ. જસ્ટીસ જે. એન. ભટ્ટ)
ચેરપર્સન

ગાંધીનગર
તા.૧૪/૦૨/૨૦૧૩